ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

બુધવાર ૭ ઓક્ટોબર, ૨૦૨૬

પીપલગ ચોકડી પાસેના ગોડાઉનમાંથી લોકલ ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસનો દરોડો | ચેકપોસ્ટો અને પોલીસ પેટ્રોલિંગના ધાજીયા ઉડ્યા

નડિયાદમાં ₹૧.૪૦ કરોડનો વિદેશી દારૂ પકડાયો

રાજસ્થાનથી છેક
નડિયાદ સુધી દારૂની ટ્રક ઘૂસી ગઈ છતાં તંત્ર ઊંઘતું રહ્યું! ૧ પકડાયો, ૫ વોન્ટેડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

નડિયાદ શહેર સહિત સમગ્ર ચરોતર પંથકના યુવાધનને નશાની ગર્તામાં ધકેલવાના એક બહુચર્ચિત અને સુનિયોજિત કાવતરાનો પર્દાફાશ થયો છે. નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી પીપલગ ચોકડી પાસેના એક કોમર્શિયલ ગોડાઉનમાંથી લોકલ ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસે સંયુક્ત દરોડો પાડીને ૧.૪૦ કરોડથી વધુની કિંમતનો ૩૯,૮૧૬ નંગ વિદેશી દારૂ તથા બીયરનો વિશાળ જથ્થો જપ્ત કર્યો છે. વહેલી સવારે ગુપ્ત બાતમીના આધારે પાડવામાં આવેલા આ દરોડાએ જિલ્લા પોલીસના હાઈવે ચેકિંગ અને રાત્રિ પેટ્રોલિંગના દાવાઓની સરેઆમ પોલ ખોલી નાખી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, નડિયાદની પીપલગ ચોકડી પાસે આવેલા નવદુર્ગા કોમર્શિયલ એન્ડ રેસિડેન્સીની પાછળ સ્થિત ગોડાઉન નંબર ૯ માં વિદેશી દારૂનો મોટો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમી એલસીબી તથા નડિયાદ રૂરલ પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ગોડાઉનની અંદરથી નામાંકિત બ્રાન્ડ્સની ૩૬,૨૬૪ કાચની દારૂની બોટલો તથા ૩,૫૫૨ બીયરના ટીન મળી કુલ ૩૯,૮૧૬ નંગ મુદ્દામાલ મળી આવ્યો હતો, જેની બજાર કિંમત ૧.૪૦ કરોડ આંકવામાં આવી છે.



આ દરોડા દરમ્યાન પોલીસે ઘટનાસ્થળેથી તારાપુરના બળવંત જયંતીભાઈ પરમાર નામના શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ શખ્સે ગોડાઉન ભાડે રાખીને રાજસ્થાનથી મંગાવવામાં આવેલા દારૂના જથ્થાને સ્થાનિક કક્ષાએ સગેવગે કરવાનું ગેરકાયદે કાવતરું ઘડ્યું હતું. આ મસમોટા કૌભાંડમાં દારૂનો જથ્થો ખાલી કરાવવામાં અને નેટવર્ક ચલાવવામાં મદદ કરનાર અન્ય શખ્સો સામે પોલીસે ગુનો નોંધી વ્યાપક તપાસ હાથ ધરી છે.

આ અંગે વધુ પૂછપરછમાં વધુ પાંચના નામ ખુલ્યાં હતાં. જેમાં વિજયભાઈ (રહે. દંતાલી), લક્ષ્મણભાઈ (રહે. બોચાસણ), ટ્રક ચાલક (જે રાજસ્થાનથી જથ્થો લાવ્યો હતો), રાજેન્દ્રકુમાર ઉર્ફે ભાણાભાઈ નવનીતભાઈ જયસ્વાલ (રહે. તારાપુર - મુખ્ય નેટવર્ક સંચાલક) અને રાહુલ (રહે. રાજસ્થાન - દારૂ મોકલનાર મુખ્ય કડી) હોવાનુ ખુલતાં પાંચેયને વોન્ટેડ જાહેર કરાયાં છે.

પોલીસ તંત્ર સામે ૫ કડક વણઉકલ્યા સવાલો

- ગોડાઉન માલિક સામે કાર્યવાહી કેમ નહીં? કેટલા સમયથી આ ગોડાઉનમાં કાળો ધંધો ચાલતો હતો અને ગોડાઉન માલિકને આરોપી કેમ બનાવવામાં ન આવ્યા?
- ચેકપોસ્ટ પર સઘન ચેકિંગ કેમ ના થયું? રાજસ્થાનથી છેક નડિયાદ સુધી ટ્રક આવી પહોંચી છતાં રસ્તામાં આવતી એકપણ પોલીસ ચેકપોસ્ટ પર ચેકિંગ કેમ ન થયું?
- સંચાલકની અજાણતાની શંકાસ્પદ દાવાઓ: દિવસમાં એક જ વાર આંટો મારવા આવતા સંચાલકને આટલી મસમોટી ગતિવિધિની ખબર કેમ ન પડી?
- જૂના ગુનેગારો બેફામ કેમ? તારાપુરના શખ્સો અગાઉ પણ આવા નેટવર્કમાં સંડોવાયેલા હોવા છતાં સ્થાનિક પોલીસ તેમના સુધી પહોંચવામાં કેમ નિષ્ફળ રહી?
- સિન્ડિકેટને કોનું રક્ષણ? શું આટલા મોટા દારૂના કૌભાંડમાં સ્થાનિક ખાદી કે ખાખીનો કોઈ સીધો કે આડકતરો ટેકો રહેલો છે?

વહેલી સવારે સીસીટીવીમાં દારૂ ઉતારવાની ગતિવિધિ કવોટ થઈ

ગોડાઉન વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. વહેલી સવારે આશરે ૬:૦૦ વાગ્યાના સુમારે એક એક્ટિવા સવાર ત્રણ શખ્સો સ્થળ પર આવ્યા હતા. એ જ સમયે એક મોટી ટ્રક ગોડાઉન નંબર ૯ પાસે આવી પહોંચી હતી અને આ શખ્સોએ ટ્રકમાંથી ફટાફટ ખાખી રંગના બોક્સ ઉતારીને ગોડાઉનમાં સરકાવી દીધા હતા. આ તમામ ગતિવિધિઓ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પોલીસે એક્ટિવાના રજિસ્ટ્રેશન નંબરના આધારે કડીઓ મેળવીને મુખ્ય આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી.

રાજસ્થાનથી ચરોતર સુધીનું 'લિક્કર સિન્ડિકેટ'

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, તારાપુરના રાજેન્દ્રકુમાર ઉર્ફે ભાણાભાઈ નવનીતભાઈ જયસ્વાલ અને રાજસ્થાનના રાહુલ નામના બુટલેગરે આંતરરાજ્ય દારૂનું મજબૂત નેટવર્ક ગોઠવ્યું હતું. રાજસ્થાનથી ખાસ ટ્રક મારફતે કરોડો રૂપિયાનો દારૂ બોર્ડર પાર કરાવીને છેક નડિયાદ સુધી પહોંચાડી દેવાયો, છતાં રાજ્યની ચેકપોસ્ટો અને જિલ્લા બોર્ડર પર તૈનાત પોલીસ ઊંઘતી રહી તે બાબત ભારે શંકાસ્પદ બની રહી છે.

પશુને કતલ અર્થે મુંબઈ લઈ જતી ટ્રક પકડાઇ

આણંદ પાસે કતલખાને લઈ જવાતાં ૧૨ પશુને બચાવાયાં

સામરખા બાયપાસ
પરથી ૧૨.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) આણંદ તા.૬

આણંદ રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે સામરખા-ભાલેજ રોડ એક્સપ્રેસ હાઈવે બાયપાસ પાસે વોચ ગોઠવીને કતલખાને લઈ જવાતા ૧૨ પશુઓ ભરેલી એક ટ્રક ઝડપી પાડી છે. પોલીસે આ કેસમાં ટ્રક અને પશુઓ સહિત કુલ ૧૨.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પાંચ શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

નડિયાદ ગ્રામ્ય પોલીસને સામરખા-ભાલેજ એક્સપ્રેસ હાઈવે જવાના બાઈપાસ રોડ પર ગેરકાયદેસર પશુ હેરાફેરી અંગે ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે પોલીસે સ્થળ પર વોચ ગોઠવી ટ્રકને આંતરી લીધી હતી. GJ-02-AT-3277 નંબરની ટ્રકની તલાશી લેતાં અંદર ઘાસચારા કે પાણીની સુવિધા વિના, અત્યંત ક્રૂરતાપૂર્વક ટૂંકા દોરડાથી મોં બાંધેલી હાલતમાં ૧૨ પશુઓ મળી આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં પકડાયેલા ટ્રક ડ્રાઇવર અદાલખાન હુસેનખાન પઠાણ (રહે. ખેરવા, મહેસાણા) ની પૂછપરછ કરતાં આ પશુઓને કતલ કરવાના ઈરાદે મુંબઈ (કલ્યાણ) ખાતે લઈ જવાતા હોવાનો ખુલાસો થયો હતો. આથી, પોલીસે ૧૦ લાખની ટ્રક, ૨.૧૦ લાખના ૧૨ પશુઓ અને મોબાઈલ મળી કુલ ૧૨,૧૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગુનામાં સંડોવાયેલા મહેસાણા, આણંદ અને મુંબઈના અન્ય ચાર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિક અને રાહદારીઓને નડતરરૂપ લારી-ગલ્લા હટાવાયા

નડિયાદ શહેરમાં ચકલાસી ભાગોળથી સ્ટેશન રોડ સુધીના દબાણો દુર કરાયાં

નડિયાદમાં ૩ મુખ્ય
માર્ગો ખુલ્લા થતાં વાહનચાલકોને મોટી રાહત

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૬

નડિયાદ શહેરમાં સતત વધતી ટ્રાફિકની સમસ્યા અને જાહેર માર્ગો પરના ગેરકાયદે દબાણો સામે મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાએ લાલ આંખ કરી છે. પાલિકાની ટીમે શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા ચકલાસી ભાગોળ, સંતરામ રોડ અને સ્ટેશન રોડ વિસ્તારમાં ત્રાટકીને ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા લારી-ગલ્લા દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરાવ્યા હતા.



નડિયાદ શહેરના હાર્દ સમાન વિસ્તારોમાં જાહેર માર્ગો પર આડેધડ લારી-ગલ્લાઓ ઉભા કરી દેવાતાં રસ્તાઓ સાંકડા બની ગયા હતા, જેના કારણે સામાન્ય નાગરિકો, વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. નાગરિકોની વારંવારની ફરિયાદોને ધ્યાને રાખીને પાલિકાની અલગ-અલગ ટીમોએ એકાએક સફાયો બોલાવતાં દબાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

આ દબાણ વિભાગના કાફલાએ ચકલાસી ભાગોળ વિસ્તારથી ઝુંબેશનો પ્રારંભ કર્યો હતો. ત્યાંથી ટીમ સંતરામ રોડ અને ત્યારબાદ સ્ટેશન રોડ પર પહોંચી હતી અને માર્ગ પર અડિંગો જમાવીને બેઠેલા લારી-ગલ્લા તેમજ તમામ કાચા-પાકા દબાણો દૂર કર્યા હતા. આ સઘન કામગીરીથી દૈનિક ધોરણે અવરજવર કરતા હજારો વાહન ચાલકો માટે ટ્રાફિકની જટિલ સમસ્યાનો ઉકેલ આવ્યો છે.

નડિયાદ મનપાના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી માત્ર મર્યાદિત વિસ્તારો પૂરતી સીમિત નહીં રહે. આગામી ૧૦ થી ૧૫ દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરીને ગેરકાયદે દબાણોનો સફાયો કરવામાં આવશે.

લુણાવાડા : કાપડ વેપારી સાથે ₹૪.૪૮ લાખની છેતરપિંડી

ગૂગલ પરથી મેળવેલા
કસ્ટમર કેર નંબરે મોકેલેલી APK ફાઇલથી ફોન હેક કર્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૬

લુણાવાડામાં કાપડનો વેપાર કરતાં વેપારીએ ગુગલ પર વોશિંગ મશીનની કંપનીના કસ્ટમર કેરનો નંબર મેળવી ફોન કર્યો હતો. પરંતુ સામા છેડે સાયબર ગઠિયાએ એપીકે ફાયલ મોકલી વેપારીનો મોબાઈલ હેક કરી તેમના ખાતામાં રૂ. ૪.૪૮ લાખ ઉસેડી લીધાં હતાં. આ અંગે વેપારીએ લુણાવાડા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

લુણાવાડા તાલુકાના વરધારી ગામે રહેતા અને કાપડનો વેપાર કરતા મહંમદઆરીફ મુસ્તુફાભાઈ શેખ સાથે ઓનલાઈન વોશિંગ મશીન રિપેર કરવાના બહાને ૪,૪૮,૨૯૩ ની સાયબર છેતરપિંડી આચરવામાં આવી છે. મહંમદઆરીફ શેખના ઘરનું વોશિંગ મશીન બગડતાં તેઓએ ગૂગલ સર્ચ મારફતે કસ્ટમર કેર નંબર મેળવીને ફરિયાદ નોંધાવી હતી. સામેથી અજાણ્યા શખ્સે ૫ નું રજિસ્ટ્રેશન કરવા કહી વોટ્સએપ પર એક APK ફાઈલ મોકલી હતી. આ ફાઈલ ડાઉનલોડ કરતાં જ વેપારીનો ફોન હેક થઈ ગયો હતો.

તે જ સમયગાળામાં વેપારીના બેંક ઓફ બરોડા ખાતામાં દુકાન માટે મંજૂર થયેલી ૫ લાખની સીસી લોનના નાણાં જમા થયા હતા. ઠગ ટોળકીએ બેંક અધિકારી તરીકે ફોન કરી ગણતરીની મિનિટોમાં તેમના સેવિંગ્સ તેમજ કરન્ટ એકાઉન્ટમાંથી કુલ ૧૨ ટ્રાન્ઝેક્શન મારફતે ૪,૪૮,૨૯૩ સેરવી લીધા હતા. આ મામલે કોઠંબા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદ જિ.માં સર્વરના ધાંધિયાથી અનાજ વિતરણની કામગીરી ઠપ

છેલ્લા ૫-૬ દિવસથી
ઓનલાઈન સર્વર વારંવાર ખોટકાતા લાભાર્થીઓ પરેશાન

(પ્રતિનિધિ) આણંદ તા.૬

સરકાર દ્વારા સસ્તા અનાજ વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવવા માટે ડિજિટલ પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ તહેવારોના સમયે જ સર્વર અને નેટવર્કની સમસ્યાએ રેશનકાર્ડ ધારકોની મુશ્કેલી વધારી દીધી છે.

આગામી દિવસોમાં નવરાત્રિનો તહેવાર આવી રહ્યો છે ત્યારે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સમયસર રેશનનો જથ્થો મેળવવા માટે વ્યાજબી ભાવની દુકાનોના ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. બીજી તરફ દુકાનદારો પાસે ઓક્ટોબર મહિનાનો નિયમિત જથ્થો તેમજ દિવાળી નિમિત્તે આપવામાં આવનાર વધારાનો જથ્થો અગાઉથી પહોંચી ગયો છે. તેમ છતાં ઓનલાઈન પ્રક્રિયા પૂર્ણ થયા વિના વિતરણ કરી શકાય નહીં તેવી સિસ્ટમના કારણે જથ્થો દુકાનોમાં પડ્યો છે અને ગ્રાહકોને અનાજ મળતું નથી.

જિલ્લાની સરકારી સસ્તા અનાજની દુકાનોમાં ઓક્ટોબર મહિનાનો નિયમિત જથ્થો ગત સપ્તાહમાં જ પહોંચાડી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત દિવાળી નિમિત્તે આપવામાં આવનાર વિશેષ જથ્થામાં સિંગતેલ, વધારાની ખાંડ, ચણા અને તુવેરદાળનો પણ સમાવેશ થાય છે. પરંતુ રાજ્ય પુરવઠા વિભાગના પોર્ટલ પર ઓનલાઈન પ્રક્રિયા શરૂ ન થઈ શકતા દુકાનદારો જથ્થો કાર્ડધારકોને આપી શકતા નથી.

સર્વર ખોટકાવાની સમસ્યાના કારણે કેટલાક સ્થળોએ રેશનકાર્ડ ધારકો અને દુકાનદારો વચ્ચે બોલાચાલી તથા ઘર્ષણના બનાવો પણ બની રહ્યા છે. ગ્રાહકોનો આક્ષેપ છે કે તહેવારોના સમયે જ સરકારી તંત્રની ટેકનિકલ વ્યવસ્થાની ખામીને કારણે તેમને પરેશાની ભોગવવી પડી રહી છે.

રેશનિંગના દુકાનદારોએ જણાવ્યું છે કે સરકારની ઓનલાઈન સિસ્ટમ મુજબ એન્ટ્રી કર્યા બાદ જ જથ્થો વિતરણ કરવાનો હોય છે. સર્વર ચાલુ ન હોય ત્યારે તેમની પાસે જથ્થો ઉપલબ્ધ હોવા છતાં કાર્ડધારકોને અનાજ આપી શકાય તેવી સ્થિતિ નથી. પરિણામે ગ્રાહકોની નારાજગીનો સામનો પણ દુકાનદારોને કરવો પડી રહ્યો છે.

વેપારીના બેંક ખાતામાંથી ૭૩ હજાર ઉપડી ગયા

મોબાઈલ અપડેટ
મોડમાં હતો ત્યારે ગૂગલ-પે મારફતે નાણાં ટ્રાન્સફર થયા

(પ્રતિનિધિ) આણંદ તા.૬

આણંદના ગણેશ ચોકડી વિસ્તારમાં રહેતા અને સરદાર ગંજ બજારમાં તેલનો વેપાર કરતા અર્જુનકુમાર પ્રભુદાસ મહેશ્વરી (ઉ.વ. 51) સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. તેમના મોબાઈલ ફોનમાં સિસ્ટમ સોફ્ટવેર અપડેટ થઈ રહ્યું હતું તે દરમિયાન તેમની જાણ બહાર બેંક ખાતામાંથી ગૂગલ-પે મારફતે કુલ 73,000 ની રકમ ટ્રાન્સફર થઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે.

આણંદની ગણેશ ચોકડી પાસે આવેલા જલારામ બંગલોઝમાં અર્જુનકુમાર મહેશ્વરી રહે છે અને 'કાશી ટ્રેડર્સ' નામે સેમી હોલસેલ તેલનો વેપાર કરે છે. ગત 30મી સપ્ટેમ્બરના રોજ રાત્રે આશરે 20:20 વાગ્યે તેમણે પોતાનો મોબાઈલ ફોન ઓટોમેટિક સોફ્ટવેર અપડેટ પર મૂક્યો હતો. બીજા દિવસે સવારે ફોન રિસ્ટાર્ટ થયા બાદ તેઓ દુકાને ગયા ત્યારે તેમના બેન્ક એકાઉન્ટમાંથી નાણાં ઉપડ્યાનો મેસેજ મળ્યો હતો.

આ અંગે બેંકમાં તપાસ કરાવતા માલૂમ પડ્યું હતું કે, સવારના સમયે તેમની જાણ બહાર અનધિકૃત ટ્રાન્ઝેક્શન થયા હતા. જેમાં 'Rhueemaison Pvt Ltd' ના નામે 50,000 અને 'Srikara Bag' ના નામે 23,000 મળીને કુલ 73,000 ગૂગલ-પે દ્વારા ઉપાડી લેવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ખાતાધારકો સામે ગુનો નોંધાવવામાં આવ્યો છે.

મહી કેનાલોમાં પાણી પુરવઠો બંધ થતાં ખેડૂતોની ચિંતા વધી

સપ્ટેમ્બરમાં વરસાદ
ખેંચાતા ૫૦૦૦ ક્યુસેક પાણી છોડાયું હતું

(પ્રતિનિધિ) આણંદ તા ૬

આણંદ અને ખેડા જિલ્લામાંથી પસાર થતી મહી કેનાલોમાં નર્મદા શાખા દ્વારા સિંચાઈ માટે છોડવામાં આવતું પાણી અચાનક બંધ કરી દેવામાં આવતા ખેડૂતોની ચિંતા વધી છે.

ચરોતર વિસ્તારમાં સપ્ટેમ્બર માસ દરમિયાન અપેક્ષા મુજબ વરસાદ ન થતાં ખરીફ પાક સહિત અન્ય ખેતી કાર્યો માટે સિંચાઈના પાણીની જરૂરિયાત ઊભી થઈ હતી. જેને પગલે મહી કેનાલોમાં નર્મદા આધારિત પાણી છોડવામાં આવતું હતું. આ પાણીથી ખેડૂતોને ખેતીમાં રાહત મળી રહી હતી. પરંતુ ચોમાસાની વિદાયના સમયગાળામાં જ કેનાલોમાં નર્મદા પાણીનો પુરવઠો બંધ કરવામાં આવતા ખેડૂતો માટે આગામી ખેતીની કામગીરી માટે સંકટભરી સ્થિતિ સર્જાઈ છે.

આગામી દિવસોમાં દિવાળીના આસપાસ રવિ સિઝનના વાવેતરની શરૂઆત થવાની છે. શિયાળુ પાકોના વાવેતર માટે સિંચાઈના પાણીની તાતી જરૂરિયાત ઊભી થવાની છે. ચોમાસું વિદાય લેતું હોય અને જમીનમાં ભેજનું પ્રમાણ ઘટતું જાય તેવા સમયે રવિ સિઝનના પાકો માટે નિયમિત પાણી જરૂરી બનશે. આવા સંજોગોમાં મહી કેનાલોમાં પાણીનો પ્રવાહ બંધ રહે તો ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. નર્મદા શાખા દ્વારા પાણી પુરવઠો બંધ થતાં હવે ખેડૂતોને મહી નદી આધારિત કેનાલોના પાણી પર વધુ નિર્ભર રહેવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. જો આગામી દિવસોમાં પૂરતા પ્રમાણમાં વરસાદ ન પડે અથવા મહી નદી-કેનાલોમાં જરૂરી જળસ્તર ઉપલબ્ધ ન રહે તો રવિ સિઝનના વાવેતર અને ત્યારબાદના પાક માટે સિંચાઈ વ્યવસ્થા મુશ્કેલ બની શકે છે.

પીપળાતાના ખેડૂતને રાજ્યકક્ષાનો એવોર્ડ એનાયત કરાયો

મિશ્ર પાક ખેતી અને
ગ્રાહકો સુધી સીધા વેચાણના સફળ મોડેલ માટે સન્માનિત કરાયાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

નડિયાદ તાલુકાના પીપળાતા ગામના પ્રગતિશીલ ખેડૂત અરૂણકુમાર રમણલાલ શાહને વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા એગ્રીકલ્ચર ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) દ્વારા 'રાજ્યકક્ષાનો બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' આપવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે તેમને પ્રશસ્તિપત્ર અને રૂ. ૫૦,૦૦૦નો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.



પીપળાતા ગામના પ્રગતિશીલ ખેડૂત અરુણકુમાર શાહની આ સફળતા પાછળ તેમનો નવીન અને ટકાઉ અભિગમ મુખ્ય કારણ છે. તેઓ પોતાના 'સંજીવની પ્રાકૃતિક કૃષિ ફાર્મ' ખાતે રાસાયણિક ખાતર કે દવાઓ વિના મિશ્ર પાક અને આંતરપાક ખેતી દ્વારા જમીનની ફળદ્રુપતા જાળવી રહ્યા છે.

આ ઉપરાંત, તેમણે ખેતરમાં ઉત્પાદિત પ્રાકૃતિક અનાજ અને કઠોળનું વચેટિયાઓ વગર સીધું ગ્રાહકો સુધી વેચાણ કરવાની વ્યવસ્થા વિકસાવી છે. તેઓ પોતાના ખેતરની મુલાકાત ગોઠવીને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું પ્રત્યક્ષ નિદર્શન અને માર્ગદર્શન આપીને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરી રહ્યા છે. આ જ સમારંભમાં ખેડા જિલ્લાના અન્ય ૪ ખેડૂતોને પણ જિલ્લા કક્ષાનો 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' આપીને સન્માનિત કરાયાં હતાં.

૪ ખેડૂતોનું પણ જિલ્લા કક્ષાએ સન્માન

વાઘેલા મનીષાબેન છત્રસિંહ (ગામ: મહોળેલ, તા. નડિયાદ)
સોલંકી રમેશભાઈ એસ. (ગામ: પાલેયા, તા. ગળતેશ્વર)
મકવાણા મંગળભાઈ ગોતાભાઈ (ગામ: પરીએજ, તા. માતર)
પરમાર છત્રસિંહ ડી. (ગામ: ઉધમાતપુરા, તા. ઠાસરા)

ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લિ.
kdcc
સરદાર પટેલ સહકાર ભવન, મીશન રોડ, ખેડા જીલ્લા સંઘ પાસે, નડીઆદ-૩૮૭૦૦૨

બેંકના માનવંતા ગ્રાહકો જોગ

ભારતીય રિઝર્વ બેંક (RBI) ની "know Your Customer" (KYC) માર્ગદર્શિકા તથા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ-૨૦૦૨ (PMLA) ની જોગવાઈઓ અનુસાર, બેંકના તમામ ગ્રાહકોએ પોતાના સેવિંગ્સ, કરંટ, ટર્મ ડિપોઝીટ, રિકરિંગ, લોકર્સ અને ઓવરડ્રાફ્ટ સહિત તમામ ધિરાણ ખાતાઓમાં સમયાંતરે Re-KYC (દસ્તાવેજોનું પુનઃ વેરિફિકેશન) કરાવવું કાયદાકીય રીતે અનિવાર્ય છે. આ બાબતે બેંકની શાખાઓ દ્વારા જે-તે ખાતેદારોને કેવાયસીને લગતા અદ્યતન આઈ.ડી. પ્રૂફ અને એડ્રેસ પ્રૂફ જેવા જરૂરી દસ્તાવેજો બેંકમાં રજૂ કરવા મૌખિત/લેખિતમાં જાણ કરવામાં આવેલ છે, તેઓને આ સૂચના મળ્યેથી દિન-૧૫ ની અંદર સંબંધિત શાખાનો સંપર્ક કરી પોતાના દસ્તાવેજો અચૂક સુપ્રત કરવા વિનંતી છે. આ ઉપરાંત, છેલ્લા બે વર્ષ દરમિયાન બચત ખાતામાં (Savings Account) અને છેલ્લા એક વર્ષ દરમિયાન ચાલુ ખાતામાં (Current Account) કોઈપણ પ્રકારની લેવડ-દેવડ ન કરવાના કારણે જે ગ્રાહકોના ખાતા સ્થગિત (Dormant) થયેલ છે, તેઓએ પણ તાત્કાલિક પોતાની શાખાનો સંપર્ક કરી, ઓળખ અંગેના રી-કેવાયસી દસ્તાવેજો રજૂ કરવા અને ખાતામાં લેવડ-દેવડ શરૂ કરી તેને સક્રિય (Active) કરાવી લેવા નમ્ર અપીલ છે. જો નિયત સમયમર્યાદામાં Re-KYC પ્રક્રિયા પૂર્ણ કરવામાં નહીં આવે RBI ની ગાઈડલાઈન મુજબની કાર્યવાહી કરવામાં આવી શકે છે, જેની ખાસ નોંધ લેવી.

આ સાથે જ, જે ગ્રાહકોએ બેંક ખાતામાં પોતાનો મોબાઈલ નંબર રજીસ્ટર કરાવેલ નથી અથવા જેમનો મોબાઈલ નંબર બદલાયેલ છે, તેમણે પોતાના ખાતાના પ્રથમ નામ સાથે નવો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. અચૂક રજીસ્ટર કે અપડેટ કરાવી લેવા વિનંતી છે. તેમજ બેંક ખાતાની સુરક્ષા અને ભવિષ્યની નાણાકીય સુવિધા માટે જે ખાતેદારોએ હજુ સુધી પોતાના ખાતામાં નોમિનેશન (વારસદારની વિગત) નોંધાવેલ નથી, તેઓએ સત્વરે નોમિનેશન કરાવી લેવું. બેંક તરફથી ગ્રાહકોની સુવિધા માટે ઉપલબ્ધ કરાવવામાં આવતી વિવિધ વેલ્યૂ એડેડ સર્વિસિસ (Value Added Services) તેમજ અદ્યતન ડિજિટલ બેંકિંગ સેવાઓનો મહત્તમ લાભ મેળવવા માટે પણ ગ્રાહકોએ પોતાની સંબંધિત બેંક શાખાનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

સ્થળ : નડીઆદ
તારીખ:૦૭-૧૦-૨૦૨૬

સહી/-
ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર